### ગુજરાતમાં નવા સીમાંકન અને મહિલા અનામતથી રાજકીય નકશો બદલાશે

# 52 વર્ષ બાદ ધારાસભ્યો-સાંસદો વધશે

**લોકસભાની** 26 બેઠકમાં વધારો થતાં કુલ આંકડો 39થી 44 સુધી પહોંચવાની શક્યતા

**વિધાનસભાની** 182 બેઠકમાં 48થી 91 બેઠકનો ઉમેરો આંક 230થી વધીને 273 સુધી પહોંચી શકે

ગાંધીનગર: કેન્દ્ર સરકાર દ્વારા નવા સીમાંકન (Delimitation) અને મહિલા અનામત અધિનિયમ-2023ને લાગુ કરવાની ગતિ તેજ કરવામાં આવી છે. આ બે ઐતિહાસિક નિર્ણયોના અમલીકરણ સાથે જ ગુજરાતના રાજકીય સમીકરણો અને ભૌગોલિક સીમાઓ સંપૂર્ણપણે બદલાઈ જશે. અડધી સદી બાદ ગુજરાતમાં લોકસભા અને વિધાનસભાની બેઠકોના આંકડામાં ધરખમ વધારો થવા જઈ રહ્યો છે. ચૂંટણી પંચના અંદાજ મુજબ, આગામી સમયમાં ગુજરાતમાં બેઠકોની સ્થિતિમાં મોટો ફેરફાર થઈ શકે છે. જે મુજબ, લોકસભાની હાલની 26 બેઠકોમાં 13થી 18 બેઠકોનો વધારો થતાં કુલ આંકડો 39થી 44 સુધી પહોંચવાની શક્યતા છે. તેવી જ રીતે, વિધાનસભાની હાલની 182 બેઠકોમાં 48થી 91 બેઠકોનો ઉમેરો થતાં અંદાજિત કુલ બેઠકોની સંખ્યા 230થી વધીને 273 સુધી પહોંચી શકે છે. બેઠકોની સંખ્યામાં આ સંભવિત વધારો રાજ્યના રાજકીય સમીકરણોમાં વ્યાપક પરિવર્તન લાવી શકે છે.

#### વિધાનસભા બેઠકોનો ઈતિહાસ

| | |
|---|---|
| 1960 | 132 બેઠકો |
| 1962 | 154 બેઠકો |
| 1967 | 168 બેઠકો |
| 1975 | 182 બેઠકો |

#### અમદાવાદ, સુરત, રાજકોટમાં મોટી અસર

વધતી વસતિને કારણે અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ જેવા મોટા શહેરોમાં લોકસભા અને વિધાનસભાની બેઠકોમાં સૌથી વધુ વધારો થશે. જૂની બેઠકો રદ થઈ શકે છે અથવા તેમના વિસ્તારોમાં મોટાપાયે ફેરફાર થઈ શકે છે. એસટી (ST) અને એસસી (SC) અનામત બેઠકોના રોટેશનમાં પણ મોટો બદલાવ આવશે.

#### 2026 બાદ નવું સીમાંકન કરવામાં આવશે

ગુજરાત વિધાનસભાનું વર્ષ 2018 માં રિનોવેશન કરવામાં આવ્યું હતું, જેમાં ભવિષ્યને ધ્યાનમાં રાખીને 230 સભ્ય બેસી શકે તેવી વ્યવસ્થા પહેલેથી જ કરી દેવામાં આવી છે. આ નવા સીમાંકનથી માત્ર બેઠકો જ નહીં વધે, પરંતુ ગુજરાતનું કેન્દ્રીય રાજકારણમાં વજન પણ વધશે. 18 વધુ સાંસદોની ભેટ મળતા લોકસભામાં ગુજરાતના સાસદોનું પ્રતિનિધિત્વ વધુ મજબૂત બનશે. ચૂંટણી પંચના સૂત્રોના જણાવ્યા મુજબ 2026 બાદ નવા સીમાંકનની પ્રક્રિયા હાથ ધરાશે. તે મુજબ 2027ની વિધાનસભા ચૂંટણી અને 2029ની લોકસભા ચૂંટણીમાં નવી બેઠકો લાગુ થઈ શકે છે. હાલની સ્થિતિ મુજબ 2001ની વસ્તીના આધારે 2006માં થયેલા સીમાંકન મુજબ જ ચૂંટણી યોજાઈ રહી છે. નવા સીમાંકનના અમલથી રાજકીય સમીકરણોમાં મોટા ફેરફારો થશે. જાતિ, પ્રાદેશિક અને સામાજિક પરિબળોને ધ્યાનમાં રાખીને રાજકીય પક્ષોને નવી વ્યૂહરચના ઘડવી પડશે. ખાસ કરીને નવા વિસ્તારોમાં મજબૂત પકડ બનાવવી દરેક પક્ષ માટે પડકારરૂપ બનશે. જે આગામી ચૂંટણીમાં નવા રાજકીય સમીકરણો સર્જશે.

#### તો 91 બેઠક પર મહિલા ધારાસભ્યો બિરાજશે

મહિલા અનામત બિલ મુજબ, જો ગુજરાતમાં વિધાનસભાની બેઠકો 273 થાય, તો તેમાંથી 91 બેઠક પર મહિલા ધારાસભ્યો બિરાજમાન થશે. લોકસભાની સંભવિત 39 બેઠકોમાંથી 13 બેઠકો મહિલા સાંસદો માટે અનામત રહેશે.

#### ક્યારે લાગુ થશે આ ફેરફાર?

અંદાજ મુજબ, 2027ની ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં 230થી વધુ બેઠકો અને 2029ની લોકસભા ચૂંટણીમાં 44 જેટલી બેઠકો પર મતદાન થઈ શકે છે. નવા સીમાંકન માટે 2021 (અથવા તેના પછીની) વસતિ ગણતરીને આધાર બનાવવામાં આવશે.

### 13 માસના ઉગ્ર તપ માટે પૂજા કરાઈ



સુરતમાં પીપલોદ ખાતે આવેલા ઉમરા જૈન સંઘમાં 13 માસના ઉગ્ર તપ માટે પૂજા કરવામાં આવી હતી. પૂજામાં તપ કરનારાઓ જોડાયા હતા. **(તસવીરઃ સતીષ જાદવ)**

## પરમારનું નિવેદન, મુમતાઝ પટેલની પોસ્ટથી કોંગ્રેસ સંગઠન પર સવાલ

**ચૂંટણી** જીતવી હોય તો પહેલા પાર્ટીએ અંદરોઅંદરના મતભેદો દૂર કરી મજબૂત થવું પડશેઃ મુમતાઝ પટેલ

ગાંધીનગરઃ હાલની ચૂંટણીમાં કોંગ્રેસમાં આંતરિક જૂથવાદ અને સંગઠનની નબળાઈઓ સપાટી પર આવી રહી છે. ભરૂચમાં કોંગ્રેસ અગ્રણી મુમતાઝ પટેલની એક પોસ્ટ અને અમદાવાદમાં કોંગી વિધાનસભા પક્ષના ઉપનેતા શૈલેષ પરમારના એકરારથી રાજકારણ ગરમાયું છે.

કોંગ્રેસના પીઢ દિવંગત નેતા અહેમદ પટેલના પુત્રી મુમતાઝ પટેલે પ્રચાર માટે આમંત્રણ મળ્યા બાદ તેમણે પાર્ટીને સ્પષ્ટ અને કડવો સંદેશ આપ્યો છે. મુમતાઝ પટેલે X પર લખ્યું હતું કે, એકજૂટતા વગર પ્રચારનો કોઈ અર્થ નથી. પહેલા આંતરિક ગોઠવણી કરીને એક થવું પડશે, નહીં તો પ્રચાર ફક્ત ઔપચારિકતા બની રહેશે. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે જો ચૂંટણી જીતવી હોય તો પહેલા પાર્ટીએ અંદરોઅંદરના મતભેદો દૂર કરી પોતાની જાતને મજબૂત કરવી પડશે. ભરૂચમાં બેઠકોની વહેંચણી અને સ્થાનિક નેતૃત્વ વચ્ચે ચાલી રહેલા વિવાદોને મુમતાઝની આ પોસ્ટે ખુલ્લા પાડી દીધા છે.

#### કોંગ્રેસમાં સંગઠનની ક્ષતિઓને કારણે મેન્ડેટમાં લોચોઃ શૈલેષ પરમાર

બીજી તરફ, અમદાવાદના ધારાસભ્ય અને વિધાનસભા પક્ષના ઉપનેતા શૈલેષ પરમારે પણ કોંગ્રેસના સંગઠન સ્તરે રહેલી નબળાઈઓનો સ્વીકાર કર્યો છે. પરમારે સ્વીકાર્યું હતું કે સંગઠન સ્તરે રહેલી ખામીઓને કારણે જ કેટલીક જગ્યાએ ઉમેદવારોને સમયસર 'મેન્ડેટ' મળી શક્યા નથી, જે ટેકનિકલ ખામી પક્ષ માટે ભારે પડી છે. જોકે, પરમારે સરકારી તંત્ર અને ભાજપ પર પણ નિશાન સાધ્યું હતું. તેમણે આક્ષેપ કર્યો હતો કે ભાજપ પોલીસ અને સરકારી તંત્રનો ઉપયોગ કરીને લોકશાહીને નુકસાન કરી રહી છે અને કોંગ્રેસના ઉમેદવારો પર દબાણ લાવી રહી છે. ચૂંટણી પંચ ભાજપનો ભગવો પહેરીને કામ કરી રહ્યું છે. સરકારી તંત્ર અને પોલીસનો ઉપયોગ કરીને ઉમેદવારો પર દબાણ લાવવામાં આવી રહ્યું છે.

## બોનેટ ઓઈલ નાંખી કારમાંથી રૂ.2.50 લાખની રોકડ લઈ ટોળકી છૂ

**ખટોદરામાં** કાર પર ઓઈલ જોઈ વેપારી જોવા ગયા ને ટોળકી બેગ ઉઠાવી ગઈ

**સીસીટીવીમાં** શંકાસ્પદ પુરુષ, બે મહિલા કેદ થઈ

સુરતઃ સુરતમાં અત્યાર સુધી કાચ તોડીને કે નજર ચૂકવીને ચોરી કરનારા ગઠીયાઓએ હવે 'ઓઈલ સ્પ્રે'ની નવી જ તરકીબ અપનાવી છે. ખટોદરા વિસ્તારમાં એક ટ્રાન્સપોર્ટના વ્યવસાયીને શિકાર બનાવી, ગઠિયાઓની ટોળકી ૨.૫૦ લાખની રોકડ અને કિંમતી દસ્તાવેજો ભરેલી બેગ ઉઠાવી રફુચક્કર થઈ ગઈ હતી. આ આખી ઘટના કોઈ ફિલ્મી સીન જેવી છે, જેમાં વેપારીને પોતાની જ ગાડીમાં ખામી હોવાનો અહેસાસ કરાવી લૂંટી લેવાયા હતા.

વેસુ વિસ્તારમાં આવેલા સોહમ હાઈટ્સમાં રહેતા અને ટ્રાન્સપોર્ટ વ્યવસાય સાથે સંકળાયેલા સચિન ઓમપ્રકાશ ગુપ્તા ગત ૧૪મી તારીખે બપોરના સમયે પોતાના અંગત કામ અર્થે નીકળ્યા હતા. બપોરે ૧:૩૦ થી ૨:૧૫ ના સુમારે તેઓ ખટોદરા સ્થિત સ્વામી વિવેકાનંદ ગાર્ડન પાસે આવેલી એક દુકાને કેરી ખરીદવા ઊભા રહ્યા હતા. કેરી ખરીદીને પરત ફરી જ્યારે તેઓ ગાડીમાં બેસી રવાના થવાની તૈયારીમાં હતા, ત્યારે જ ખેલ ખેલાયો હતો.

સચિનભાઈ જ્યારે કાર ચાલુ કરવા ગયા ત્યારે અચાનક તેમનું ધ્યાન બોનેટ પર પડ્યું હતું. બોનેટ પર ચીકણું ઓઈલ ઢોળાયેલું હતું. તેમને લાગ્યું કે ઓઈલ લીક થઈ રહ્યું છે. એન્જિન બગડી ન જાય તેવા ડરથી તેઓ તાત્કાલિક ગાડીમાંથી નીચે ઉતર્યા અને બોનેટ ખોલીને તપાસ કરવા લાગ્યા. બીજી તરફથી ત્રાટકેલી ગેંગના સાગરીતોએ કારની સીટ પર પડેલી હેન્ડબેગ સેરવી લીધી હતી. આ બેગમાં ૨.૫૦ લાખની રોકડ રકમ ઉપરાંત,એક્સિસ બેંકની સહી કરેલી ચેકબુક અને રિટર્ન થયેલા ૩ ચેક, ૧૦ થી ૧૨ અલગ-અલગ બેંકોના ક્રેડિટ અને ડેબીટ કાર્ડ, હિસાબની ડાયરી, પાન કાર્ડ, ચૂંટણી કાર્ડ અને અન્ય ઓળખપત્રો તથા ઘર અને ઓફિસની ચાવીઓ સહિતની મતા હતી. આશ્ચર્યની વાત એ છે કે આ ચોરીમાં કોઈ એક રીઢો ગુનેગાર નહીં પણ આખી ટોળકી સામેલ હતી. સચિન ગુપ્તાના જણાવ્યા મુજબ, સીસીટીવી ફૂટેજમાં એક ટોપી પહેરેલો પુરુષ અને બે-ત્રણ મહિલાઓ શંકાસ્પદ રીતે હિલચાલ કરતાં કેદ થયા છે. આ ટોળકીએ અગાઉથી જ વેપારીનો પીછો કર્યો હોય તેવી શક્યતા છે. હાલ ખટોદરા પોલીસે આ મામલે ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

## આઉટર રિંગ રોડ પર મોપેડને અકસ્માત, મહિલાનું મોત

**મૂળ** યુપીના શિવપ્રસાદ રાજપૂત પત્ની સીમા અને પુત્રી સોનાક્ષી સાથે મોપેડ પર અમરોલીથી ઘરે પરત જતા હતા

**ટ્રક** ચાલકે ટક્કર મારતાં અમરોલીમાં વેદાંત સર્કલ ખાતે અકસ્માત થયો હતો, પતિ-પુત્રી ઘાયલ

સુરતઃ અમરોલી આઉટર રિંગ રોડ ખાતે ટ્રક ચાલકે મોપેડ પર ત્રિપલ સવારી જઈ રહેલાં પતિ-પત્ની અને પુત્રીને અડફેટે લીધાં હતાં. અકસ્માતમાં પત્નીના માથા પરથી ટ્રકનું આગળનું ટાયર ફરી વળતાં ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે પિતા-પુત્રીનો આબાદ બચાવ થયો હતો.

મળતી માહિતી મુજબ મૂળ ઉત્તરપ્રદેશ આઝમગઢના વતની અને હાલ ઓલપાડ-સાયણ રોડ પર આવેલ માધવ સોસાયટીમાં રહેતા શિવપ્રસાદ રાજપૂત કડિયાકામ કરી 42 વર્ષીય પત્ની સીમા તેમજ ત્રણ પુત્રીનું ભરણપોષણ કરે છે. તેમની પત્ની સ્ટોન ચોંટાડવાનું કામ કરતી હતી.

કાલે રાત્રે શિવપ્રસાદ તેની પત્ની સીમા અને પુત્રી સોનાક્ષી સાથે મોપેડ ઉપર અમરોલીથી પરત ઘરે જવા નીકળ્યાં હતાં. દરમિયાન અમરોલી આઉટર રિંગ રોડ ખાતે વેદાંત સર્કલ નજીક ટ્રક ચાલકે શિવપ્રસાદની મોપેડને ટક્કર મારતાં તેઓ રોડ પર પટકાયા હતા.

દરમિયાન સીમાના માથા પરથી ટ્રકનું આગળનું ટાયર ફરી વળતાં તેનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે શિવપ્રસાદ અને પુત્રી સોનાક્ષીને સામાન્ય ઈજા પહોંચી હતી. આ બનાવ અંગે વધુ તપાસ અમરોલી પોલીસ કરી રહી છે.

### કેટલા રૂપિયાનું કિલો જોઈએ? તે પ્રમાણે શુદ્ધ ઘીમાં ભેળસેળ કરવામાં આવતી હતી

એસઓજીની તપાસમાં જાણવા મળ્યું છે કે અહીં ઘીનું ઉત્પાદન કોઈ એક નિશ્ચિત ફોર્મ્યુલા મુજબ નહીં, પરંતુ સીધું વેપારીઓની માંગ મુજબ કરવામાં આવતું હતું. જો કોઈ વેપારી 'પ્રીમિયમ ભેળસેળ' માગે તો તેમાં થોડું અસલી ઘી ઉમેરી ગુણવત્તાનો ભ્રમ ઉભો કરાતો હતો, જ્યારે સસ્તું ઉત્પાદન જોઈએ તો માત્ર પામ ઓઇલ અને વનસ્પતિ ઘીનું ઘાતક મિશ્રણ તૈયાર કરી બજારમાં ધકેલવામાં આવતું હતું. દક્ષિણ ગુજરાતના અનેક વેપારીઓ આ ગેરકાયદેસર નેટવર્ક સાથે સીધા જોડાયેલા હોવાનું પણ સામે આવ્યું છે. વર્ષોથી ચાલતા આ રેકેટ દ્વારા સામાન્ય લોકોના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં કરવામાં આવતા હતા. હાલ પોલીસે તમામ મશીનરી, કેમિકલ અને એસેન્સ જપ્ત કરી લીધા છે અને આ કૌભાંડમાં સામેલ 'સફેદ કોલર' વેપારીઓ સુધી પહોંચવા માટે તપાસ તેજ કરી છે.

### 'વિદુર' નામે નકલી ઘીનો ધંધોઃ ગુજરાતથી લઈને અન્ય રાજ્યો સુધી સપ્લાયનું નેટવર્ક

સચિન GIDCમાં પકડાયેલા નકલી ઘી રેકેટમાં વધુ ચોંકાવનારો ખુલાસો સામે આવ્યો છે. આરોપીઓ દ્વારા તૈયાર કરવામાં આવતું ભેળસેળવાળું ઘી 'વિદુર' બ્રાન્ડના નામે ગાયનું ઘી અને દેશી ઘી તરીકે બજારમાં વેચાતું હતું. આ ઉત્પાદન માત્ર સુરત પૂરતું સીમિત નહોતું, પરંતુ ગુજરાતના વિવિધ જિલ્લાઓ ઉપરાંત અન્ય રાજ્યોમાં પણ હોલસેલ ધોરણે સપ્લાય થતું હતું. પોલીસ તપાસ મુજબ, 100 મી.લી.ના નાના પાઉચથી લઈને 15 કિલોના મોટા ડબ્બા સુધીનું પેકેજિંગ તૈયાર કરવામાં આવતું હતું. ગ્રાહકોને આકર્ષવા માટે ડબ્બા પર ચમકદાર સ્ટીકરો, બ્રાન્ડિંગ અને માર્કેટિંગ ટ્રિક્સનો ઉપયોગ કરીને તેને અસલી ઘી જેવું દેખાડવામાં આવતું હતું. સામાન્ય ગ્રાહક સરળતાથી ભ્રમિત થાય તે માટે ગુણવત્તા અને શુદ્ધતાના દાવા પણ કરવામાં આવતા હતા. હાલ પોલીસ આ સમગ્ર સપ્લાય ચેઈન અને તેમાં જોડાયેલા વેપારીઓ સુધી પહોંચવા માટે તપાસ તેજ કરી રહી છે.

#### લાઇસન્સની આડમાં ચાલતું ગેરકાયદે નેટવર્ક

નકલી ઘી કૌભાંડમાં પ્રથમ આરોપી ભરત પોલરા અને બીજો અમીન વાઢવણિયા હોવાનું સામે આવ્યું છે. તપાસમાં ખુલ્યું છે કે ભરત પોલરા છેલ્લા લગભગ એક વર્ષથી આ ફેક્ટરીનું સંચાલન કરી રહ્યો હતો, જ્યારે અમીન વાઢવણિયા સાથે મળીને તેણે સમગ્ર સપ્લાય અને પ્રોડક્શનનું નેટવર્ક ગોઠવ્યું હતું. બંનેએ મજૂરોને રાખીને વ્યવસ્થિત રીતે ઉત્પાદન અને પેકિંગની સિસ્ટમ ઊભી કરી હતી. સૌથી ગંભીર બાબત એ છે કે 'સબકા ફૂડ્સ' નામે FSSAIનું લાયસન્સ મેળવીને તેઓ સામાન્ય ગ્રાહકો અને અધિકારીઓને ભ્રમિત કરતા હતા. આ લાયસન્સની આડમાં શુદ્ધ ઘીના નામે કેમિકલયુક્ત ભેળસેળવાળું ઘી બજારમાં ધકેલવામાં આવતું હતું, જેનું વેચાણ ગુજરાત સહિત અન્ય રાજ્યોમાં પણ થતું હોવાનું તપાસમાં સામે આવ્યું છે. આ નકલી ઘી કોને કોને પહોંચાડવામાં આવ્યું હતું તેની તપાસ એસઓજી દ્વારા કરવામાં આવી રહી છે. તેના વપરાશ કરનારાઓ પણ પકડાશે.

### ફૂડ વિભાગે શરૂ કરી વૈજ્ઞાનિક તપાસ, આરોગ્ય જોખમની આશંકા

સચિન GIDCમાં પકડાયેલા નકલી ઘી કૌભાંડ બાદ તપાસને વધુ આગળ ધપાવતા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે મહત્વપૂર્ણ કાર્યવાહી હાથ ધરી છે. દરોડા દરમિયાન સ્થળ પર પહોંચેલા સિનિયર ફૂડ સેફ્ટી ઓફિસર્સ તુષાર નાગર અને ચેતનકુમાર પરમારે ફેક્ટરીમાં પડેલા ડબ્બાઓ તેમજ ગરમ થઈ રહેલા 'લુઝ' ઘીના નમૂનાઓ એકત્ર કર્યા હતા. આ સેમ્પલ્સને સીલ કરીને વધુ પરીક્ષણ માટે સરકારી લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, પ્રાથમિક તપાસમાં ભેળસેળની શંકા વધુ મજબૂત બની છે, પરંતુ અંતિમ પુષ્ટિ લેબ રિપોર્ટ બાદ જ થશે. ફૂડ નિષ્ણાતોનું કહેવું છે કે આવા કેમિકલયુક્ત ઘીનું નિયમિત સેવન માનવ શરીર માટે અત્યંત જોખમી છે અને લાંબા ગાળે કેન્સર તેમજ લીવર સંબંધિત ગંભીર બીમારીઓનું કારણ બની શકે છે. હાલ સમગ્ર મામલે વૈજ્ઞાનિક વિશ્લેષણ ચાલુ છે અને રિપોર્ટ આવ્યા બાદ આગળની કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, સુરતમાં અગાઉ આજ રીતે નકલી પનીરની ફેક્ટરી પણ પકડાઈ ચૂકી છે.

#### ભાડાની ફેક્ટરીમાંથી ચાલતો નકલી ઘીનો કારોબાર

પકડાયેલા આરોપીઓએ સમગ્ર ગેરકાયદેસર ઉત્પાદન માટે ભાડાની ફેક્ટરી અને ગોડાઉનનો ઉપયોગ કર્યો હતો. સચિન GIDCમાં પ્લોટ રૂ. 30,000 માસિક ભાડે લેવામાં આવ્યો હતો, જે અનિતાબેન ખાટીવાલા નામની મહિલાની માલિકીનો હોવાનું બહાર આવ્યું છે. ઉપરાંત તલંગપોર વિસ્તારમાં એક ગોડાઉન માત્ર રૂ. 4,000 માસિક ભાડે લેવામાં આવ્યું હતું. આશ્ચર્યજનક બાબત એ છે કે આટલા મોટા પાયે ચાલી રહેલા ઉદ્યોગ છતાં કોઈ પણ પ્રકારનો કાયદેસર ભાડાકરાર કરવામાં આવ્યો નહોતો. આરોપીઓએ આ ખાલી જગ્યા અને ઢાંચાનો ઉપયોગ કરીને લાંબા સમય સુધી ભેળસેળયુક્ત ઘીનું ઉત્પાદન અને પેકિંગ કર્યું હતું. તપાસ એજન્સીઓ હવે એ દિશામાં પણ તપાસ કરી રહી છે કે મિલકત માલિકોને આ ગેરકાયદેસર પ્રવૃત્તિની જાણ હતી કે નહીં અને શું તેઓ કોઈ રીતે આ રેકેટ સાથે જોડાયેલા હતા.

#### SOGના દરોડાનું સંપૂર્ણ ઈ-રેકોર્ડિંગ

સમગ્ર દરોડાની કાર્યવાહીનું સંપૂર્ણ ડિજિટલ રેકોર્ડિંગ કરવામાં આવ્યું હતું. SOGના અધિકારીઓએ 'ઈ-સાંખ્ય' એપ્લિકેશન મારફતે સ્થળ પર ફોટોગ્રાફી તેમજ વીડિયોગ્રાફી કરી તમામ પુરાવા સુરક્ષિત કર્યા હતા. આ પ્રક્રિયા દરમિયાન જનરેટ થયેલા ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ 63(4)(C) હેઠળના પ્રમાણપત્રોને પણ તપાસ ફાઈલમાં જોડવામાં આવ્યા છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, આ ડિજિટલ પુરાવા કેસને વધુ મજબૂત બનાવશે અને કોર્ટમાં આરોપીઓ સામે ટેકનિકલ આધાર સાથે રજૂ કરી શકાશે. આ પગલાથી ભવિષ્યમાં કોઈપણ પ્રકારના વિવાદ કે પુરાવા સાથે છેડછાડની શક્યતા ઘટશે. પોલીસનું કહેવું છે કે આ પ્રકારની ઈ-રેકોર્ડિંગ પદ્ધતિથી તપાસ વધુ પારદર્શક અને વૈજ્ઞાનિક બને છે, જેનાથી આરોપીઓ કાયદાની પકડમાંથી બચી શકશે નહીં અને સમગ્ર કેસને મજબૂત આધાર મળશે.

## બાંદ્રા ટર્મિનસ અને પાલીતાણા વચ્ચે દોડશે સ્પેશિયલ ટ્રેન

સુરત : પવિત્ર તહેવાર આખાત્રીજના અવસર પર મુસાફરોની સુવિધા અને વધારાના ધસારાને પહોંચી વળવા માટે બાંદ્રા ટર્મિનસ થી જૈન તીર્થધામ પાલીતાણા વચ્ચે વિશેષ ભાડા સાથે સ્પેશિયલ ટ્રેન દોડાવવા ની જાહેરાત કરવામાં આવી છે. પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેક દ્વારા જારી કરાયેલ વિગતો મુજબ, ટ્રેન નંબર 09023 બાંદ્રા ટર્મિનસ - પાલીતાણા સ્પેશિયલ શનિવાર, 18 એપ્રિલ, 2026 ના રોજ બપોરે 14:40 કલાકે બાંદ્રા થી ઉપડશે અને બીજા દિવસે વહેલી સવારે 05:00 કલાકે પાલીતાણા પહોંચશે. પરતમા, ટ્રેન નંબર 09024 પાલીતાણા - બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ સોમવાર, 20 એપ્રિલ, 2026 ના રોજ રાત્રે 20:00 કલાકે પાલીતાણાથી રવાના થશે અને બીજા દિવસે સવારે 11:20 કલાકે બાંદ્રા પહોંચશે. મુસાફરો આ ટ્રેન માટેની ટિકિટનું બુકિંગ આવતીકાલે એટલે કે 17 એપ્રિલ, 2026 થી તમામ PRS કાઉન્ટરો અને IRCTCની સત્તાવાર વેબસાઈટ પરથી કરી શકશે.

#### મુખ્ય સ્ટોપેજ અને સુવિધા

આ ટ્રેન બંને દિશાઓમાં બોરીવલી, પાલઘર, વાપી, વલસાડ, સુરત, અંકલેશ્વર, વડોદરા, અમદાવાદ, બોટાદ, ધોળા, સોનગઢ અને સિહોર (ગુજરાત) સ્ટેશનો પર ઉભી રહેશે. આ ટ્રેનમાં મુસાફરો માટે સ્લીપર ક્લાસ ના કોચની વ્યવસ્થા કરવામાં આવી છે.

## સચિનના વિવરનો ૧૩.૭૮ લાખનો માલ પડાવી ટોળકી ફરાર

**વણકર** અને ન્યૂ ટી.ટી. માર્કેટના ઠગ વેપારીઓએ સાડીનો જથ્થો લઈ દુકાનોને તાળાં મારી ગાયબ

સુરતઃ સચિન હોજીવાલા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના એક વિવરને વિશ્વાસમાં લઈ, રાજસ્થાની દલાલ અને રિંગ રોડના બે લેભાગુ વેપારીઓએ લાખોનો ચૂનો લગાવ્યો હોવાની ઘટના સામે આવી છે.

સચિન પારડી કણદે વિસ્તારમાં રહેતા હરેશભાઈ સવજીભાઈ રાદડીયા હોજીવાલા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં 'જાનકી ટેક્સ'ના નામે વિવિંગનું ખાતું ચલાવે છે. ગત ફેબ્રુઆરી ૨૦૨૪માં તેમની મુલાકાત રાજસ્થાનના સીરોહીના વતની એવા કાપડ દલાલ ઈંદરસિંગ ગુમાનસિંગ રાવ સાથે થઈ હતી. ઈંદરસિંગે હરેશભાઈને મોટી પાર્ટીઓ સાથે ધંધો કરાવવાની લાલચ આપી રિંગ રોડની બે ફર્મ સાથે પરિચય કરાવ્યો હતો. દલાલ ઈંદરસિંગ મારફતે રિંગ રોડ વણકર ટેક્સટાઈલ માર્કેટમાં 'આર.કે. ફેશન' ધરાવતા કાલુસિંગ અને ન્યૂ ટી.ટી. માર્કેટમાં 'આધુનિક કોર્પોરેશન' ચલાવતા પ્રકાશ જોશીએ હરેશભાઈ સાથે સોદો કર્યો હતો. આ બંને વેપારીએ ૪૫ દિવસમાં પેમેન્ટ ક્લિયર કરી દેવાની પાકી ખાતરી આપી કુલ ૧૩,૭૮,૩૫૦ રૂપિયાની કિંમતની ઓર્ગેન્ઝા ગાળા ક્વોલિટીની સાડીઓનો માલ મંગાવ્યો હતો. 45 દિવસ બાદ હરેશભાઈએ ઉઘરાણી શરૂ કરી હતી. શરૂઆતમાં કાલુસિંગ અને પ્રકાશ જોશીએ ખોટા વાયદાઓ કરી સમય પસાર કર્યો હતો. જોકે, હરેશભાઈ જ્યારે રૂબરૂ માર્કેટમાં તપાસ કરવા પહોંચ્યા ત્યારે તેમના હોશ ઊડી ગયા હતા.

બંને ઠગ વેપારી પોતાની દુકાનો સમેટીને રાતોરાત પલાયન થઈ ગયા હતા. દલાલ ઈંદરસિંગે પણ હાથ ઊંચા કરી દેતા આખરે છેતરાયાનો અહેસાસ થતાં મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો.

### અનુસંધાન... પાના છેલ્લાનું

**કેમિકલના ઈન્જેક્શનથી...**

ડોક્ટરની જેમ સિરીંજ વડે કેમિકલ માપીને ભેળસેળ કરતા હતા. એસઓજીએ જ્યારે દરોડા પાડ્યા ત્યારે ત્યાં કારીગરો દ્વારા દોડાદોડી કરી દેવામાં આવી હતી. પોલીસે સ્થળને કોર્ડન કરીને તપાસ શરૂ કરી ત્યારે અંદર મોટા તપેલાઓમાં ઘી ગરમ થતું જોવા મળ્યું હતું, જ્યારે પેકિંગની પ્રક્રિયા પણ ચાલુ હતી. તપાસમાં સામે આવ્યું કે અહીં અસલી ઘીને મોટા પ્રમાણમાં વનસ્પતિ તેલ, પામોલીન ઓઈલ અને ખાસ પ્રકારના કેમિકલ એસેન્સ સાથે મિશ્રિત કરવામાં આવતું હતું. આ કેમિકલ મિશ્રણથી ઘીને અસલી જેવો સુગંધ અને દાણાદાર ટેક્સચર આપવામાં આવતું હતું, જેથી સામાન્ય ગ્રાહક સરળતાથી ભ્રમિત થાય.અધિકારીઓના જણાવ્યા મુજબ, એક કિલો શુદ્ધ ઘીમાંથી આ શાતિર રીતે ભેળસેળ કરીને લગભગ 15 કિલો નકલી ઘી તૈયાર કરવામાં આવતું હતું. ત્યારબાદ તેમાં રંગ અને સુગંધ ઉમેરવામાં આવી તેને 'વિદુર ઘી' તરીકે બજારમાં વેચવામાં આવતું હતું. SOGએ આ કેસમાં ભરતભાઈ ગોગનભાઈ પોલરા ( રહે,આશોપાલવ સોસાયટી વિભાગ-૨ પટેલ પાર્ક પાસે કેનાલ રોડ કામરેજ) અને અમીન બાબુભાઈ વાઢવણિયા ( રહે,સોહમ એપાર્ટમેન્ટ રંગીલા પાર્ક સોસાયટી ઘોડદોડ રોડ (ઉમરા) વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) 2023ની કલમ 274, 275, 318(4), 61(2) અને 3(5) હેઠળ ગુનો દાખલ કરી તેમની ધરપકડ કરી છે.

**તલંગપોર...**

પ્રમાણમાં પામોલીન તેલના ડબ્બા અને વનસ્પતિ ઘીના પાઉચ મળી આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે આરોપીઓ આ ગોડાઉનનો ઉપયોગ કાચા માલના સ્ટોરેજ તરીકે કરતા હતા. અહીંથી સામગ્રી સચિન GIDCની ફેક્ટરીમાં લઈ જઈને તેમાં ભેળસેળ કરી નકલી ઘી તૈયાર કરવામાં આવતું હતું. આ કાર્યવાહીમાં પણ લાખો રૂપિયાનો કાચો માલ જપ્ત કરીને સીલ કરવામાં આવ્યો છે.

**SOGએ જપ્ત...**

અને 42,000 બ્રાન્ડેડ સ્ટિકર્સ પણ જપ્ત કરવામાં આવ્યા છે. તૈયાર માલ તરીકે 'વિદુર ઘી'ના 15 કિલોના 78 ડબ્બા (કિંમત રૂ. 8.19 લાખ) તથા હજારો નાના પેકેટ્સ મળી આવ્યા હતા. કાચા માલમાં પામોલીન તેલ અને વનસ્પતિ ઘીનો અંદાજે રૂ. 5.50 લાખનો જથ્થો પણ સીલ કરવામાં આવ્યો છે. સાથે રૂ. 2 લાખ રોકડ અને મોબાઈલ ફોન પણ જપ્ત કરાયા છે.કુલ મળીને રૂ. 36,39,530ની કિંમતનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હોવાનું તપાસ અધિકારીઓએ જણાવ્યું છે.

**બિલ્ડર તુષાર...**

પૂનમ ભદોરિયાની ધરપકડ કરી હતી. હાલમાં, એક તરફ તે જામીન મેળવવા પ્રયત્ન કરી રહી છે, તો બીજી તરફ પોતાની સામે નોંધાયેલી FIR રદ કરાવવા માટે પણ હાઈકોર્ટમાં અરજી કરી છે. તેની દલીલ છે કે તેને ખોટી રીતે ફસાવવામાં આવી છે.

**મરજી મુજબ...**

(રહે. કર્મયોગી સોસાયટી) નારાજ હતા. મનોહરની ઈચ્છા એવી હતી કે રોહિણીની સગાઈ તેના સગામાં થાય, પરંતુ તેને પૂછ્યા વગર સગાઈ કરી દેતા મનોહરે મનમાં ખાર રાખ્યો હતો. ગઈકાલે સવારે ૧૦:૩૦ વાગ્યાના અરસામાં જ્યારે ૭૦ વર્ષીય રત્નાબેન ગૌરી નગર સોસાયટીમાં ઘરના ઓટલા પર બેઠા હતા, ત્યારે જમાઈ મનોહર પ્લાસ્ટિકની બોટલમાં જ્વલનશીલ પ્રવાહી લઈને ત્યાં ધસી આવ્યો હતો. કશું પણ બોલ્યા વગર તેણે રત્નાબેન પર પ્રવાહી છાંટી દીધું અને સળગતા લાકડા વડે આગ ચાંપી દીધી હતી.

જોતજોતામાં વૃદ્ધા ભડભડ સળગવા લાગ્યા હતા અને તેમની ચીસોથી વાતાવરણ ગમગીન બની ગયું હતું. હેવાનીયત અહીં જ ન અટકી, રત્નાબેનને સળગાવ્યા બાદ મનોહરે ત્યાં રમી રહેલા આશાબેનના દીકરા હરીશ પર પણ પ્રવાહી ફેંકી તેને સળગાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, આસપાસના લોકો દોડી આવતા મોટો અનર્થ થતા અટકી ગયો હતો. ગંભીર રીતે દાઝી ગયેલા રત્નાબેનને તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયા છે, જ્યાં તેમની હાલત અત્યંત નાજુક હોવાનું તબીબો જણાવી રહ્યા છે.ભોગ બનનાર આશાબેનની ફરિયાદના આધારે પાંડેસરા પોલીસે હુમલાખોર બનેવી મનોહર મહાજન વિરુદ્ધ હત્યાની કોશિશ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તેની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

**પતિ-પત્નીના...**

આ ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો છે. ચોંકાવનારી વિગત એ છે કે, જેણે બાળકનું અપહરણ કર્યું તે બીજું કોઈ નહીં પણ તેના સગા કાકા જ હોવાનું બહાર આવ્યું છે. હાલ પોલીસની એક ટીમ માસૂમનો કબજો લેવા જૂનાગઢ પહોંચી હોવાનું જાણવા મળ્યું છે.

અડાજણ આમ્રપાલી રો-હાઉસ પાસે આવેલી મણિભદ્ર વ્યુ સોસાયટીમાં રહેતી એક પરણીતાને તેના પતિ સાથે લાંબા સમયથી અણબનાવ ચાલી રહ્યો છે. આ કૌટુંબિક કલેશને કારણે પરણીતા તેના ૮ વર્ષના પુત્ર સાથે પિયરમાં વસવાટ કરી રહી છે. ગત તારીખ ૧૫ એપ્રિલ ૨૦૨૬ના રોજ રાત્રે ૦૭:૦૦ થી ૦૮:૦૦ વાગ્યાના અરસામાં બાળક હંમેશ મુજબ ઘરની નીચે સોસાયટીના કમ્પાઉન્ડમાં રમી રહ્યો હતો. આ દરમિયાન અચાનક એક ફોરવીલ ગાડી ત્યાં ધસી આવી હતી અને તક જોઈને બાળકને ગાડીમાં બેસાડી ચાલક પૂરઝડપે ફરાર થઈ ગયો હતો. પુત્ર ગાયબ થતાની સાથે જ માતાના જીવ અધ્ધર થઈ ગયા હતા. પરિણીતાએ તાત્કાલિક અડાજણ પોલીસ મથકનો સંપર્ક સાધ્યો હતો. પોલીસે પણ ઘટનાની ગંભીરતા સમજી તુરંત અપહરણનો ગુનો દાખલ કર્યો અને શહેરભરમાં નાકાબંધી કરાવી સીસીટીવી કેમેરા ફંફોળવાનું શરૂ કર્યું હતું.

**બાળકને તેના...**

લઈને જૂનાગઢ તરફ ભાગી છૂટ્યો છે. અડાજણ પોલીસની એક સ્પેશિયલ ટીમ રાતોરાત જૂનાગઢ જવા રવાના થઈ હતી, જ્યાંથી બાળકને સુરક્ષિત પરત લાવવા અને આરોપીની ધરપકડ કરવાના ચક્રો ગતિમાન કરાયા છે.

**15થી વધુ...**

નવાપુરા-બેગમપુરા-સલાબતપુરા), 14 (ઉમરવાડા-માતાવાડી), 18 (લિંબાયત-પરવટ-કુંભારિયા), 19 (આંજણા-ડુંભાલ), 20 (ખટોદરા-મજુરા-સગરામપુરા), 24 (ઉધના દક્ષિણ), 25 (લિંબાયત-ઉધના યાર્ડ), 27 (ડીંડોલી દક્ષિણ), 4 (કાપોદ્રા) અને 9 (રાંદેર-જહાંગીરાબાદ-પાલનપુર) વોર્ડમાં ડબલ બેલેટ યુનિટનો ઉપયોગ થશે. આ રીતે સુરત મનપા ચૂંટણી 2026માં અનેક વોર્ડોમાં જંગી સ્પર્ધા જોવા મળી રહી છે, ખાસ કરીને જ્યાં ડબલ બેલેટ યુનિટનો ઉપયોગ થવાનો છે ત્યાં મતદાન પ્રક્રિયા વધુ રસપ્રદ બનવાની શક્યતા છે. આ સાથે જ બેલેટ પેપર પણ છપાવવા માટે આપી દેવાયા છે. આગામી દિવસોમાં રાજકીય પાર્ટીઓની સમક્ષ ઈવીએમ સીલ કરવાનું શરૂ કરાશે.

**દ.ગુ.ના...**

અમરેલી અને ભાવનગર જિલ્લામાં હળવા થી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાનમાં ચાલતી પરિસ્થિતિઓ અનુસાર વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ તેમજ દક્ષિણ-પૂર્વ રાજસ્થાનથી મણિપુર સુધી ફેલાયેલા ટ્રફના કારણે હવામાનમાં બદલાવ જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગની આગાહી મુજબ, તા. 16 થી 18 એપ્રિલ દરમિયાન ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારો અને સૌરાષ્ટ્ર-કચ્છમાં ગરમ અને ભેજવાળા પવન ફૂંકાશે. આગામી 3 દિવસ મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય, પરંતુ ત્યારબાદ તાપમાનમાં 2-3 ડિગ્રીનો ઘટાડો થવાની શક્યતા છે.

**મુન્દ્રાથી સુરત...**

મુન્દ્રા પહોંચશે. આ શિડ્યુલ મે-2026થી યથાવત રહેશે એની સ્પષ્ટતા હવે પછી થશે. આ નવી હવાઈ સેવા શરૂ થવાથી સુરત અને કચ્છ વિસ્તાર વચ્ચેના વેપાર, ઉદ્યોગ અને પ્રવાસન ક્ષેત્રને મોટી રાહત મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. મુસાફરો માટે ઝડપી અને સુવિધાજનક મુસાફરીનો વિકલ્પ ઉપલબ્ધ બનતા બંને શહેર વચ્ચેનો સંપર્ક વધુ મજબૂત બનશે.